ગાંધીનગરમાં 11મીએ 'મહામુકાબલો': 44 બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ-આપ વચ્ચે જંગ

2011માં કોંગ્રેસની 18 બેઠક, 2016માં 16-16 અને 2021માં ભાજપની 41 બેઠક

આપની એન્ટ્રીથી બદલાયેલા વોટ પેટર્ન વચ્ચે મતદારો કોને ફળશે તે મતદાન કહેશે

ગાંધીનગરઃ પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. આગામી 11 ઓક્ટોબરે 11 વોર્ડની 44 બેઠકો માટે મતદાન થવાનું છે ત્યારે ગાંધીનગરનું રાજકારણ ફરી એક વખત ત્રણ પક્ષીય મુકાબલાના કેન્દ્રમાં આવ્યું છે. 2021માં ભાજપે 44માંથી 41 બેઠકો જીતીને મનપામાં લગભગ એકતરફી સત્તા મેળવી હતી, જ્યારે કોંગ્રેસ 2 અને આમ આદમી પાર્ટી માત્ર 1 બેઠક સુધી સીમિત રહી હતી. હવે પાંચ વર્ષ બાદ ભાજપ સામે પોતાની સ્થિતિ જાળવી રાખવાનો પ્રશ્ન છે તો કોંગ્રેસ માટે 2021ના ધોવાણ બાદ પુનરાગમનની કસોટી છે અને આપ માટે અગાઉનો મતહિસ્સો બેઠકોમાં ફેરવવાનો પડકાર છે. ગાંધીનગર મનપાની આ ચૂંટણીને માત્ર એક સ્થાનિક ચૂંટણી તરીકે જોવી મુશ્કેલ છે. છેલ્લા ત્રણ ચૂંટણીના આંકડા બતાવે છે કે પાટનગરમાં મત અને બેઠકોનું ગણિત ક્યારેય સીધું રહ્યું નથી. 2011માં કોંગ્રેસ 18 બેઠકો જીતી સત્તા સુધી પહોંચી હતી, 2016માં બંને પક્ષો 16-16 પર અટક્યા હતા અને ત્યારબાદ પક્ષપલટાથી સત્તાનું સમીકરણ બદલાયું હતું.

2021માં આપની એન્ટ્રીથી કોંગ્રેસની બેઠક ઘટી

2021ની ચૂંટણી સુધીમાં ગાંધીનગરનું રાજકીય ચિત્ર ધરમૂળથી બદલાઇ ગયું હતું. સીમાંકન બાદ મનપામાં 11 વોર્ડ અને 44 બેઠકો થઇ હતી. પરિણામ આવ્યું ત્યારે ભાજપે 41 બેઠકો જીતી, કોંગ્રેસને 2 અને આપને 1 બેઠક મળી. પરંતુ માત્ર બેઠકોનો આંકડો જ ચોંકાવનારો નહોતો. મત ટકાવારીમાં ભાજપને 46.49 ટકા, કોંગ્રેસને 28.02 ટકા અને આપને 21.77 ટકા મત મળ્યા હતા. 2016માં કોંગ્રેસનો મતહિસ્સો 46.93 ટકા હતો, જે 2021માં ઘટીને 28.02 ટકા થયો–લગભગ 18.91 ટકાનો ઘટાડો. બીજી તરફ ભાજપનો મતહિસ્સો 44.76થી વધીને 46.49 ટકા થયો હતો. આ આંકડાઓમાં ગાંધીનગરની રાજકીય કહાનીનો સૌથી મોટો વળાંક છુપાયેલો છેઃ ભાજપનો મતહિસ્સો થોડો વધ્યો, પરંતુ બેઠકો 16થી સીધી 41 થઈ; બીજી તરફ કોંગ્રેસના મતમાં મોટો ઘટાડો થયો અને આપને 21.77 ટકા મત મળ્યા.

ગાંધીનગર મનપાની રાજકીય સફર ત્રણ ચૂંટણીમાં ત્રણ અલગ ચિત્ર બતાવી ચૂકી છે

2011 : કોંગ્રેસ 18 - ભાજપ 15
2016 : ભાજપ 16 - કોંગ્રેસ 16
2021 : ભાજપ 41 - કોંગ્રેસ 2 - આપ - 1

ભાજપનો સંગઠનને મેદાનમાં ઉતારવા પર ભાર, નવી રણનીતિ નક્કી કરાઈ

મોરચા-વિભાગોને જનસંપર્ક વધારવા અને સરકારની કામગીરી લોકો સુધી પહોંચાડવા તાકીદ

ગાંધીનગરઃ ગુજરાત ભાજપે સંગઠનના વિવિધ મોરચા અને વિભાગોને વધુ સક્રિય બનાવવા માટે કામગીરીનો રોડમેપ ઘડવાની શરૂઆત કરી છે. કોબા સ્થિત પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશ પ્રભારી તરુણ ચુગની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં સંગઠનની કામગીરી, કાર્યકર્તાઓ સાથે સતત સંવાદ અને આગામી કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સહિત મોરચા-વિભાગના પ્રમુખો, પ્રભારીઓ અને મહામંત્રીઓ ઉપરાંત મીડિયા, સોશિયલ મીડિયા અને આઈટી વિભાગના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. પ્રદેશ સહપ્રભારી અજય મહાવર અને ગોમતી સાઈ તેમજ સહ સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડી પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના સંગઠનાત્મક માળખાને વધુ અસરકારક બનાવવા માટે મોરચા અને વિભાગોની જવાબદારીનું સુનિયોજિત સંકલન, કાર્યકર્તાઓ સાથે સતત સંપર્ક અને આગામી કાર્યક્રમોના આયોજન-અમલીકરણ અંગે પદાધિકારીઓ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને સંગઠનની કામગીરી માત્ર બેઠક કે કાર્યક્રમ પૂરતી સીમિત ન રહે અને તેનો સીધો સંપર્ક લોકો સુધી પહોંચે તે દિશામાં ચર્ચા થઈ હતી.

ખેડૂતોને બિયારણ માટે 15 ઓક્ટોબર સુધી તક

ટેકાના ભાવની નોંધણીની મુદત 24 ઓક્ટોબર સુધી લંબાઈ

ગાંધીનગરઃ રવિ ઋતુમાં પ્રમાણિત બિયારણ, સીડ મિની કીટ અને નિદર્શન ઘટકોનો લાભ લેવા ખેડૂતો માટે 'આઈ-ખેડૂત પોર્ટલ' 15 ઓક્ટોબર સુધી ખુલ્લું રહેશે, જ્યારે મગફળી, મગ, સોયાબીન અને અડદની ટેકાના ભાવે ખરીદી માટેની ઓનલાઈન નોંધણીની મુદત પણ 15 દિવસ વધારીને હવે 24 ઓક્ટોબર, 2026 સુધી કરવામાં આવી છે. ખેડૂતો અને ખેડૂત પ્રતિનિધિઓની રજૂઆતોને ધ્યાને રાખીને કૃષિ વિભાગે બંને મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યા છે. કૃષિ વિભાગના જણાવ્યા મુજબ, રવિ ઋતુમાં ખેડૂતોને પ્રમાણિત બિયારણ, સીડ મિની કીટ તથા વિવિધ નિદર્શન ઘટકોનો લાભ આપવા માટે 4 ઓક્ટોબરથી 'આઈ-ખેડૂત પોર્ટલ' પર અરજીઓ શરૂ કરવામાં આવી છે. ખેડૂતો 15 ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. બીજી તરફ, મગફળી, મગ, સોયાબીન અને અડદ જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે અગાઉ 9 ઓક્ટોબર સુધી નોંધણી કરવાની હતી. સાંસદો, ધારાસભ્યો તથા ખેડૂત પ્રતિનિધિઓની રજૂઆતો બાદ સરકારે નોંધણીની મુદત વધુ 15 દિવસ લંબાવી છે. હવે ખેડૂતો 24 ઓક્ટોબર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતોને બંને નિર્ણયનો સમયસર લાભ લેવા અને 'આઈ-ખેડૂત પોર્ટલ' પર જરૂરી અરજીઓ તથા ટેકાના ભાવે વેચાણ માટેનું રજિસ્ટ્રેશન નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા અપીલ કરી.

એકતા પરેડના જવાનોમાં ડેન્ગ્યુના કેસો બાદ ગાંધીનગરમાં આરોગ્ય તંત્ર એલર્ટ

ફોગિંગ-સર્વેલન્સ યુદ્ધના ધોરણે, દરેક બ્લોક દીઠ 4 આરોગ્ય કર્મચારી

ગાંધીનગરઃ આગામી તા.31મી ઓક્ટો.ના રોજ યોજાતી રાષ્ટ્રીય એકતા દિવસની પરેડ માટે વિવિધ રાજ્યોમાંથી ગાંધીનગર આવેલા બીએસએફ, સીઆરપીએફ અને આઈટીબીપીના જવાનોમાં ડેન્ગ્યુના કેસો સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગે ગાંધીનગરમાં મચ્છરજન્ય રોગો સામે સઘન કામગીરી શરૂ કરી છે. સેક્ટર-28 અને 29ના સરકારી આવાસમાં રહેતા જવાનો માટે યુદ્ધના ધોરણે ફોગિંગ, દવાનો છંટકાવ, પોરાનાશક કામગીરી અને તાવનું સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. જવાનોના આરોગ્યની સતત દેખરેખ માટે દરેક બ્લોક દીઠ ચાર આરોગ્ય કર્મચારી તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે. વાહકજન્ય રોગોના નિયંત્રણ અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારોમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.

બદરીનાથ ધામમાં ઘોંઘાટિયા મ્યુઝિક કોન્સર્ટના આયોજન સામે વ્યાપક વિરોધ

ટુ ધ પોઇન્ટ

▪ સંજય વોરા ▪

આપણા ધાર્મિક કાર્યક્રમો ઘોંઘાટિયા અને પ્રદૂષિત થઈ ગયા છે. આપણે ત્યાં ગણપતિવિસર્જન વખતે કાન ફાડી નાંખે તેવું ડીજે સાંભળવા મળે છે અને નવરાત્રિમાં માતાજીના ગરબાને નામે હિન્દી ફિલ્મોનાં ગીતો સાંભળવા મળે છે. આપણાં તીર્થસ્થળો ટુરિસ્ટ કેન્દ્રો બની ગયાં છે, જેમાં દારૂથી માંડી માંસાહાર જેવાં દૂષણો જોવા મળે છે પણ કોઈને ફરક પડતો નથી. તાજેતરમાં પવિત્ર બદરીનાથ ધામમાં સંગીતનો કોન્સર્ટ યોજવામાં આવ્યો હતો, જેમાં ભક્તિ સંગીતને બદલે ફિલ્મી ગીતો વગાડવામાં આવ્યાં હતાં અને ફિલ્મી કલાકારો દ્વારા કામોત્તેજક ડાન્સ પણ કરવામાં આવ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષીએ આ પ્રકારના મ્યુઝિક કોન્સર્ટનો વિરોધ કર્યો તે પછી ઉત્તરાખંડની ભાજપ સરકાર આ વિવાદથી પોતાને અલગ કરવા પ્રયત્ન કરી રહી છે.

બદરીનાથ ધામ ખાતે ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા દેવભૂમિ સાંસ્કૃતિક મહોત્સવ-૨૦૨૬ના કેટલાક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા તે પછી મંદિરની બાજુના વિસ્તારમાં મોટા અવાજે સંગીત અને ડીજે સાથે આવા કાર્યક્રમનું આયોજન કેમ કરવામાં આવ્યું તે અંગે પ્રશ્નો ઊભા થયા છે. અગાઉ એવું કહેવામાં આવ્યું હતું કે આ કાર્યક્રમ ચમોલી જિલ્લા વહીવટીતંત્ર અને ભારતીય સેના દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવ્યો હતો. ઉત્તરાખંડના મુખ્ય મંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, પરંતુ વિવાદ પેદા થયા બાદ ચમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌરવ કુમારે જણાવ્યું હતું કે સાંસ્કૃતિક કાર્યક્રમોની પસંદગીમાં વહીવટીતંત્રની કોઈ ભૂમિકા નથી અને તેમની પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી ન હતી. આ કાર્યક્રમમાં શાળાનાં બાળકો, યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ, સ્થાનિક કલાકારો અને સેના સંબંધિત કાર્યક્રમો તેમજ રાજ્યની મશહૂર ગાયિકા પ્રિયંકા મેહરનું અશ્લીલ ચેનચાળાયુક્ત નૃત્ય પણ સામેલ હતું. આ કાર્યક્રમ દરમિયાન કોઈ મોટાં વિરોધ-પ્રદર્શનો થયાં ન હતાં. આ કાર્યક્રમના વીડિયો પાછળથી સોશ્યલ મીડિયા પર ફરવા લાગ્યા હતા. તેમાં મોટા અવાજે સાઉન્ડ સિસ્ટમ, ડીજે અને નૃત્યનાં માદક દૃશ્યો સામેલ હતાં. આ પછી, પ્રશ્નો ઊભા થવા લાગ્યા કે બદરીનાથ જેવા ધાર્મિક અને આધ્યાત્મિક સ્થળની આટલી નજીક આવા કાર્યક્રમનું સ્વરૂપ શું હોવું જોઈએ?

ભાજપના માર્ગદર્શક મંડળમાં રહેલા વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મુરલી મનોહર જોશીએ સોશ્યલ મીડિયા પર આ કાર્યક્રમ સામે વાંધો વ્યક્ત કર્યો ત્યારે આ વિવાદ વધુ ચર્ચામાં આવ્યો હતો. તેમણે ૨૫ સપ્ટેમ્બરના રોજ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે બદરીનાથ ધામમાં સંગીત કાર્યક્રમની મંજૂરી આપવી એ માત્ર સાંસ્કૃતિક ધોરણોનું ઉલ્લંઘન નથી પણ ધામની પવિત્રતા પર સીધો હુમલો પણ છે. આદિ ગુરુ શંકરાચાર્યે હિમાલયના શાંતિપૂર્ણ વાતાવરણમાં ભગવાનની પૂજા અને ધ્યાન માટે બદરીનાથ ધામની સ્થાપના કરી હતી. જ્યાં પરંપરાગત રીતે શંખ વગાડવા પર પણ પ્રતિબંધ છે, ત્યાં ઘોંઘાટિયા સંગીતના કાર્યક્રમોનું આયોજન કરવું એ ભારતીય આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય મૂલ્યોની વિરુદ્ધ છે. આ પરિસ્થિતિ દેવભૂમિ ઉત્તરાખંડને ધીમે ધીમે બજારની સંસ્કૃતિ તરફ ધકેલવાનું પ્રતીક છે. તેમણે ભારતીય સંસ્કૃતિના અનુયાયીઓ, શંકરાચાર્યો અને સંતોને આ મુદ્દા પર અસરકારક અવાજ ઉઠાવવા અપીલ કરી. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આવા કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકીને દેવભૂમિની ગરિમા અને આધ્યાત્મિક સ્વભાવ જાળવવા વિનંતી પણ કરી હતી. મુરલી મનોહર જોશીના આ નિવેદન પછી પૂજારીઓ, સંતો અને વિપક્ષો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

ઉત્તરાખંડ ચાર ધામ તીર્થ પુરોહિત મહાપંચાયતના મહામંત્રી ડૉ. બ્રિજેશ સતીએ કહ્યું કે સંગીતના કાર્યક્રમના ઉદ્દેશ સામે અમને કોઈ વાંધો નથી, પરંતુ તેના સ્વરૂપ અને પ્રસ્તુતિ પર અમને પ્રશ્નો છે. બદરીનાથ ધામની ધાર્મિક, આધ્યાત્મિક અને પૌરાણિક માન્યતાઓને ધ્યાનમાં રાખીને કાર્યક્રમો યોજવા જોઈએ. જ્યારે જિલ્લા વહીવટીતંત્રે ૯ સપ્ટેમ્બરે કાર્યક્રમ અંગે બેઠક માટે આદેશ જારી કર્યો હતો અને ૧૧ સપ્ટેમ્બરે સમીક્ષા બેઠક યોજાઈ હતી, ત્યારે એ સ્પષ્ટ થવું જોઈએ કે કાર્યક્રમની રૂપરેખા કોણે તૈયાર કરી હતી અને તેનું આયોજન કોણ કર્યું હતું? તેમણે ૧૬ એપ્રિલે કપાટ ખૂલતાં પહેલાં બદરીનાથમાં યોજાયેલા અન્ય એક સાંસ્કૃતિક કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો છે અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિને રોકવા માટે સ્પષ્ટ નીતિની માંગ કરી છે. જ્યોતિર્મઠ સાથે સંકળાયેલા અને અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના શિષ્ય સ્વામી મુકુન્દાનંદ ગિરિ પણ કાર્યક્રમના ફોર્મેટ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમના વિડીયો નિવેદનમાં તેમણે કહ્યું છે કે સ્થાનિક સંસ્કૃતિ, ખોરાક, પોશાક અને લશ્કરી વીરતાનું પ્રદર્શન પોતાની જગ્યાએ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ મોટા ડીજે અને લાઉડસ્પીકર સાથે નૃત્ય જેવા કાર્યક્રમો બદરીનાથની ધાર્મિક પરંપરા અને ગરિમાને અનુરૂપ નથી. લોકો શાંતિ, ધ્યાન અને આધ્યાત્મિક અનુભવ માટે હિમાલય આવે છે અને સરકારે તીર્થ વિસ્તારોમાં આવા કાર્યક્રમો માટે સ્પષ્ટ વ્યવસ્થા કરવી જોઈએ.

ઉત્તરાખંડ રાજ્યના ધાર્મિક બાબતો અને પર્યટન મંત્રી સતપાલ મહારાજ કહે છે કે બદરીનાથ મંદિરની પૂજા પરંપરામાં શંખના ઉપયોગ સાથે સંકળાયેલી ધાર્મિક માન્યતાને ધામમાં સંગીત પર સંપૂર્ણ પ્રતિબંધ તરીકે જોઈ શકાય નહીં. ઉત્તરાખંડના કેબિનેટ મંત્રી સતપાલ મહારાજના નિવેદન કે બદરીનાથ મંદિરમાં શંખ વગાડવામાં આવતો નથી કારણ કે તે હાડકાથી બનેલું છે, તેના કારણે એક નવો વિવાદ શરૂ થયો છે. સતપાલ મહારાજ મંદિરમાં શંખ વગાડવાની મનાઈ હોવા છતાં, મંદિરમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમની ટીકાનો જવાબ આપી રહ્યા હતા.

સતપાલ મહારાજે કહ્યું કે બદરીનાથ ધામમાં સંગીત, નૃત્ય કે સાંસ્કૃતિક કાર્યક્રમો પર કોઈ પ્રતિબંધ નથી અને તેનાથી વિપરીત અહેવાલોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું કે મંદિરની અંદર શંખ વગાડવામાં આવતો નથી, પરંતુ પરિસરની બહાર આવું કરવા પર કોઈ પ્રતિબંધ નથી. શંખ મંદિરની અંદર ફૂંકવામાં આવતો ન હતો કારણ કે તે હાડકાનો બનેલો હતો. તેમની ટિપ્પણીનો ઉત્તરાખંડ કોંગ્રેસ તરફથી તીવ્ર પ્રતિભાવ મળ્યો હતો, જેમાં કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને ઉત્તરાખંડ કોંગ્રેસના ઉપપ્રમુખ સૂર્યકાંત ધસ્માનાએ કહ્યું કે સતપાલ મહારાજનું સ્પષ્ટીકરણ વિજ્ઞાન અને સનાતન પરંપરાઓ બંનેની સમજણનો અભાવ દર્શાવે છે.

બદરીનાથ ધામમાં આયોજિત કાર્યક્રમમાં ઉત્તરાખંડની લોક ગાયિકા પ્રિયંકા મહેરે પણ પર્ફોર્મ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન લોકોના નાચવાના વીડિયો સામે આવ્યા હતા. આ પછી સોશ્યલ મીડિયા પર આ અંગે ચર્ચા તેજ બની છે. કાર્યક્રમનો વિરોધ કરનારાઓનું કહેવું છે કે બદરીનાથ ધામ માત્ર એક પર્યટન સ્થળ નથી, પરંતુ કરોડો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. દેશના વિવિધ ભાગોમાંથી લોકો ભગવાન બદરી વિશાલનાં દર્શન કરવા માટે ધામ પહોંચે છે. મંદિરના સંતો અને પુજારીઓએ ધાર્મિક પરંપરાઓ અને શિષ્ટાચારનો હવાલો આપીને આવા કાર્યક્રમના ફોર્મેટ સામે વાંધો ઉઠાવ્યો છે. ઉત્તરાખંડ ચાર ધામ તીર્થ પુરોહિત મહાપંચાયતના મહામંત્રી ડૉ. બ્રિજેશ સતીએ પણ આ કાર્યક્રમ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. બદરીનાથ ધામમાં ધાર્મિક પરંપરાઓનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ત્યાં શંખનો અવાજ પ્રતિબંધિત છે. તેમણે એક સંતની ફરિયાદ બાદ લાઉડસ્પીકર પર ભજન વગાડવા પર હાઇકોર્ટ દ્વારા અગાઉ લગાવવામાં આવેલા પ્રતિબંધનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે હાલમાં ચાલી રહેલા ડીજે કોન્સર્ટ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

બદરીનાથમાં આ વિવાદ હજુ સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યો નથી. એક પક્ષ આને મંદિરની ધાર્મિક અને પૌરાણિક પવિત્રતા સાથે જોડાયેલ માને છે. બીજો પક્ષ દલીલ કરે છે કે બદરીનાથની પરંપરા સંગીત અને સાંસ્કૃતિક પ્રદર્શનને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરતી નથી. એક સ્થાનિક પત્રકારના જણાવ્યા મુજબ કાર્યક્રમ દરમિયાન કોઈ વિરોધ થયો ન હતો અને સોશ્યલ મીડિયા પર વીડિયો આવ્યા પછી વિવાદ શરૂ થયો હતો. વહીવટીતંત્રનો દાવો છે કે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન સેના દ્વારા કરવામાં આવ્યું હતું અને કોઈ પૂર્વ પરવાનગી લેવામાં આવી ન હતી. જો કે એટલું નક્કી છે કે બદરીનાથ ધામમાં હવે પછી કોઈ ઘોંઘાટિયા મ્યુઝિક કોન્સર્ટ યોજાશે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ કાર્યક્રમમાં શાળાનાં બાળકો, સ્થાનિક કલાકારો અને સેના સંબંધિત કાર્યક્રમો તેમજ રાજ્યની મશહૂર ગાયિકા પ્રિયંકા મેહરનું અશ્લીલ ચેનચાળાયુક્ત નૃત્ય પણ સામેલ હતું

BUSINESS મિત્ર

સેબીની રાહતે બજારમાં પ્રાણ ફૂંક્યા: સેન્સેક્સ 73,000 ઉપર

CAS અંગેના પોઝિટિવ સંકેત અને ગ્લોબલ સપોર્ટથી રોકાણકારોની સંપત્તિમાં ₹3 લાખ કરોડનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: ભારતીય શેરબજારમાં ક્લોઝિંગ ઓપ્શન સેશન અંગે સેબીએ સૂચનો મંગાવ્યા હતા, તે સૂચનોનો સ્વીકાર થઈ રહ્યો છે અને સેબી એક વર્ષ માટે સીએએસને બધ કરી દેશે તેવા અહેવાલોથી બજારે રાહતનો દમ લીધો હતો, જેની બજારમાં પોઝિટિવ અસર થઇ હતી અને આજે સતત બીજા દિવસે અને નિફ્ટી વીકલી એક્સપાયરી વચ્ચે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આજે નિફ્ટીએ 22750 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી, જ્યારે સેન્સેક્સ 73000 પોઇન્ટને પાર નીકળી ગયો હતો.

રોઇટરના અહેવાલ અનુસાર સેબી સીએએસના બદલે ટ્રેડિંગની છેલ્લી 30 મીનીટની વોલ્યુમ વેઇટેડ એવરેજ કિંમતનો ઉપયોગ ડેરિવેટિવ્ઝ પ્રાઇસીંગ નક્કી કરવા માટે થશે. આ મહિનાના અંત સુધીમાં ફેરફારનો અમલ થાય તેવી સંભાવના છે.

જોકે, આજે વૈશ્વિક બજારો અને ખાસ કરીને એશિયન બજારોમાં સુધારાની ચાલ હતી, જેની પણ ભારતીય શેરબજાર પર અસર પડી હતી. આજે શરૂઆતથી જ શેરબજાર પોઝિટિવ ચાલ દર્શાવતું હતું. આજે રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી છે.

સેકટર મુજબ જોઇએ તો પ્રાઇવેટ બેન્ક અને મેટલ તથા ફાર્મા સેકટરનો સૌથી મજબૂત ટેકો મળ્યો હતો. જેમાં દોઢ ટકાની તેજી જોવા મળી હતી. જ્યારે આઇટી શેરોમાં નરમાઇ જોવા મળી હતી. જ્યારે પીએસયુ બેન્ક અને રિયલ્ટી શેરો પણ નજીવા ઘટયા હતા.

બીએસઇ સેન્સેક્સ 685.34 પોઇન્ટ એટલે કે 0.95 ટકા વધીને 73067.81 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73067 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72384 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 220.35 પોઇન્ટ એટલે કે 0.98 ટકા વધીને 22750 પોઇન્ટની સપાટી કુદાવીને 22776.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22776 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22561 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 414.30 પોઇન્ટ એટલે કે 0.76 ટકા વધીને 55000 પોઇન્ટની સપાટી કુદાવીને 55128.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ત્રિવેણી ટર્બાઇનમાં 51.2 ગણા, યુનાઇટેડ સ્પીરીટસમાં 5.77 ગણા, વોલ્ટાસ લિ.માં 5.66 ગણા, બ્લુસ્ટાર લિ.માં 4.9 ગણા અને ભારતી હેક્ષાકોમમાં 3.98 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટ્રેન્ટ લિ.માં 6.38 ગણા, હોનાસા કન્ઝયુમરમાં 6.17 ગણા, જિન્દાલ સ્ટીલમાં 4.56 ગણા, પીજી ઇલેકટ્રોનિક્સમાં 4.26 ગણા અને અર્બન કંપનીમાં 3.89 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ આગળ વધતી જોવા મળી છે. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.23 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેકસ 1.38 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2827 શેરો વધ્યા હતા, જ્યારે 1550 શેરો ઘટયા હતા અને 246 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાર્મા ઇન્ડેક્સ 0.86 ટકા સુધર્યો હતો. જેમાં વોકહાર્ટ, લોરસ લેબ્સ, ડીવીસ લેબ્સ, ગ્લેન્ડ માર્ક, સાઇ લાઇફ સાયન્સીસ, પિરામલ ફાર્મા, અંજતા ફાર્મા, આલ્કેમ લેબ, ઝાયડસ લાઇફસાયન્સીસ અને સન ફાર્મા વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ સ્ટોક ફયુચર્સ ઉંચા ટ્રેડ કરી રહ્યા હોવાથી અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. જેનમેબેના સકારાત્મક ડ્રગ ટ્રાયલ પરિણામોના અહેવાલ બાદ હેલ્થકેર શેરોની આગેવાની હેઠળના યુરોપિયન બજારો એક સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, યુરોઝોન બોન્ડ યીલ્ડ ઉછળ્યા પછી હળવા થયા હતા. ટેકનોલોજી અને એઆઇ લિંક્ડ શેરોની આગેવાની હેઠળ અમેરિકન બજારોમાં રાતોરાત રેલી રહેતા એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. જોકે, આજે પણ ચીન બજાર બંધ રહ્યું હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.33 ટકા, કેક 0.43 ટકા અને ડેક્સ 0.74 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.14 ટકા, સ્ટ્રેઇટસ 0.65 ટકા, હેંગસેંગ 0.80 ટકા, તાઇવાન 0.22 ટકા અને જકાર્તા 1.20 ટકા સુધર્યા હતા, જ્યારે કોસ્પી 0.90 ટકા ઘટ્યો હતો.

ક્રુડ ઓઇલ ઘટ્યું છતાં રૂપિયો નબળો

કરન્સી બજારમાં વૈશ્વિક ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો જોવાયો હતો અને 100 ડોલરની નીચે સરકી ગયો હોવા છતાં ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 12 પૈસા તૂટીને 96.42ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.30ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.33, પાઉન્ડ 128.56, કેનેડિયન ડોલર 67.42, ઓસ્ટ્રેલિયન ડોલર 67.49, જાપાનીઝ યેન 0.6097 અને સીંગાપોર ડોલર 75.32ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	96.42 રૂ.
યુરો	108.19 રૂ.
પાઉન્ડ	126.64 રૂ.
યેન	0.6105 રૂ.

સેન્સેક્સ	685.34	73067.81
નિફ્ટી	220.35	22776.10
બેન્ક નિફ્ટી	414.30	55128.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	12.64	2906.00
કોટક મહિન્દ્રા બેન્ક	3.82	431.90
એચયુએલ	2.09	1895.20
નેસલે ઇન્ડિયા	3.42	1341.40
જિયો ફાઇનાન્સીયલ	2.78	217.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોલ ઇન્ડિયા	3.16	411.65
ટેક મહિન્દ્રા	2.04	1504.50
મેક્સ હેલ્થકેર	1.58	902.50
આઇટીસી	0.82	266.70
ઇન્ફોસીસ	0.65	1013.85

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	12.78	2094.00
કોટક મહિન્દ્રા બેન્ક	3.59	431.25
એચયુએલ	2.83	1892.10
રિલાયન્સ ઇન્ડ.	2.77	1219.00
ઇન્ટરગ્લોબ	2.23	5045.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	2.30	1503.00
ટાઇટન કંપની	1.30	4540.00
બજાજ ફાઇનાન્સ	0.95	961.80
આઇટીસી	0.76	266.50
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.75	10796.85

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫
૬૮/૩૬	૧૬૫.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫
૩૦/૧૪ ક્રિમ્પ	
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦
૭૫/૩૬ ''	૧૫૦
૫૦/૩૬ ''	૧૫૭
૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૬૧
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૭૨.૫
૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫
૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫
---	---
૮૦/૧૦૮ ''	૧૭૦
-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૭૯૫
તેજાબી સોનું	૧૫૨૭૦૫
દાગીના-૨૨ કેરેટ	૧૪૫૧૫૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૭૪૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૭૯૫૦
ચાંદી (૯૯૯)	૨૨૮૭૦૦
ચાંદી સિક્કા	૨૩૦૨૦૦

ગુજરાત સહિત 8 રાજ્યો અને દિલ્હીએ કેન્દ્ર પાસે વધારાની વીજળી માગી

ભારતમાં વીજળીની અછત 3 વર્ષની ટોચે

હાઇડ્રો પાવરમાં 20%નો કડાકો અને બેટરી સ્ટોરેજની મર્યાદાથી રાત્રિના સમયે અછત; સપ્ટેમ્બરમાં પાવર શોર્ટેજ 560 મિલિયન kWh એ પહોંચી

મુંબઈ, તા. 6ઃ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને અન્ય રાજ્યો વધારાની વીજળીની માંગ કરી રહ્યા છે, કારણ કે હાઈડ્રો પાવરનું ઓછું ઉત્પાદન, પાવર પ્લાન્ટમાં ખરાબી અને બેટરી સ્ટોરેજની મર્યાદિત ક્ષમતાને કારણે રાત્રિના સમયે વીજળીના પુરવઠા પર અસર પડી છે.

નબળા હાઈડ્રો પાવર ઉત્પાદન, પાવર પ્લાન્ટ બંધ રહેવા અને મર્યાદિત બેટરી સ્ટોરેજને કારણે ભારતમાં વીજળીની અછત છેલ્લા ૩ વર્ષની ટોચ પર પહોંચી છે, જેના પગલે આઠ રાજ્યો અને દિલ્હીએ વધારાના વીજ પુરવઠાની માંગ કરી છે.

કેન્દ્ર સરકારના બે અધિકારીઓએ જણાવ્યું હતું કે, નબળા જળવિદ્યુત ઉત્પાદન અને કેટલાક પ્લાન્ટ્સમાં જાળવણીના કામને કારણે રાત્રિ દરમિયાન વીજળીનો પુરવઠો ઘટ્યો છે; આથી વીજકાપ ટાળવા માટે ભારતના કેટલાક રાજ્યો કેન્દ્ર સરકાર પાસે વધારાના વીજળી ફાળવણીની માંગ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતના અગ્રણી પુનઃપ્રાપ્ય ઊર્જા રાજ્યોમાં સામેલ રાજસ્થાન અને ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ અને કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી જેવા રાજ્યોએ પણ વીજળીનો વધારાનો પુરવઠો મેળવવા માટે માંગ કરી છે.

કેન્દ્ર સરકાર સામાન્ય રીતે કોલસા અને જળ-વિદ્યુત પ્લાન્ટ્સમાંથી લગભગ 14 થી 15 ગીગાવોટ વીજળી મેળવી શકે છે, જેની ફાળવણી તે વીજળીની અછત સમયે રાજ્યોને કરી શકે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'અલ નીનો' (El Nio) ને કારણે વરસાદમાં થયેલા ઘટાડાને લીધે હાઈડ્રો પાવર ઉત્પાદન ઘટ્યું છે, જેનાથી પુનઃવિતરણ માટે ઉપલબ્ધ વીજળીનો પુરવઠો મર્યાદિત બન્યો છે. તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકારે પંજાબને પહેલેથી જ વધારાની વીજળી ફાળવી છે, કારણ કે સપ્ટેમ્બર મહિનામાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં દિવસ દરમિયાન 14 કલાક સુધી વીજળી કાપનો સામનો કરવો પડ્યો હતો.

રિન્યુએબલ એનર્જી ક્ષમતામાં ઝડપી વિસ્તરણ છતાં, સૂર્યાસ્ત પછી વીજળીની માંગ પૂરી કરવામાં ભારતને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે; કારણ કે અપૂરતી બેટરી સ્ટોરેજ ક્ષમતાને લીધે દિવસ દરમિયાન ઉત્પન્ન થતી વધારાની સૌર ઊર્જાને સાંજ અને રાતના સમય માટે સંગ્રહિત કરીને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા મર્યાદિત બની જાય છે.

યુપીઆઈ ચાર્જ બાદ 76 ટકા યુઝર્સ પેમેન્ટ પદ્ધતિ બદલશેઃ સર્વે

ફરી એકવાર ગ્રાહકો રોકડ અને ક્રેડિટ કાર્ડ પર શિફ્ટ થશે

નવી દિલ્હી, તા. 6ઃ રૂપિયા 2000થી વધુની યુપીઆઇ ચુકવણી પર 0.4 ટકા એમડીઆર લાદવાની તૈયારી છે. આ નિયમનો અમલ 15મી ઓકટોબરથી આવી શકે છે. આમાં, યુપીઆઇ પી2પી ચુકવણીઓ એટલે કે ગ્રાહકથી વેપારી ચુકવણીઓ સામેલ હશે. આ ચર્જ વેપારી દ્વારા ઉઠાવવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે જો વેપારીઓ અને દુકાનદારો આ ખર્ચ ગ્રાહકોને આપે તો શું થશે. લોકલ સર્કલ દ્વારા કરવામાં આવેલા એક નવા સર્વેમાં નોંધપાત્ર અસર જોવા મળી છે. 291 જિલ્લાઓના 67000થી વધુ યુપીઆઇ વપરાશકર્તાઓએ સર્વેમાં પ્રતિભાવ આપ્યો.

સર્વે અનુસાર જો વેપારીઓ યુપીઆઇ ચુકવણીમાં અલગ ફીનો ઉમેરો કરે છે તો 14 ટકા લોકો કહે છે કે તેઓ યુપીઆઇ દ્વારા ચુકવણી કરશે અને ફી ચુકવશે, જ્યારે 27 ટકા રોકડથી ચુકવણી કરશે, 26 ટકા લોકો ક્રેડિટ કાર્ડ પર સ્વીચ કરશે. 14 ટકા ડેબિટ કાર્ડનો ઉપયોગ કરશે, જ્યારે ચાર ટકા લોકો બેન્ક ટ્રાન્સફર, એનઇએફટી અથવા આઇએમપીએસ પસંદ કરશે. આ ઉપરાંત, 9 ટકા લોકો વેપારીને બીજો ચુકવણી વિકલ્પ પુછશે જેમાં અલગ ફી લાગતી નથી. 2 ટકા ખરીદી મુલતવી રાખશે અથવા બિલકુલ નહીં કરે. 4 ટકા લોકો અનિશ્ચિત છે. આ સિવાય યુપીઆઇ પર અલગ ચાર્જ પર કંઇ પદ્ધતિનો ઉપયોગ કરશો તેવા પ્રશ્નના જવાબમાં તેઓના જવાબ અનુસાર 26 ટકા લોકો ક્રેડિટ કાર્ડ, 26 ટકા લોકો રોકડ, 13 ટકા લોકો ડેબિટ કાર્ડ, 11 ટકા બેન્ક ટ્રાન્સફર કરશે.